# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

(Established Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)

(Accredited with A+ Grade by NAAC)

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


જા.ક્ર.નં.: જી.ટી.યુ./કલ્ચરલ/૨૦૨૫-૨૬/ ૫૩૯-૨ તારીખ:- ૧૧ /૦૭/૨૦૨૫

## પરિપત્ર

વિષય: ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા આયોજીત ૧. વ્યક્તિત્વ વિકાસ તાલીમ શીબીર, ૨. નાટ્ય તાલીમ શીબીર, ૩. નૃત્ય તાલીમ શીબીર અને ૪. સંગીત તાલીમ શિબિરમાં આપની કોલેજના પ્રતિનિધિને ભાગ લેવા બાબત

ઉક્ત વિષય અંગે જણાવવાનું કે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા **"વિકસિત ભારત@ 2047: વોઈસ ઓફ યુથ"** ના ઉપક્રમે આગામી ઓગસ્ટ-સપ્ટેમ્બર માસમાં અનુક્રમે (૧):- વ્યક્તિત્વ વિકાસ તાલીમ શીબીર, (૨):- નાટ્ય તાલીમ શીબીર અને (૩):- નૃત્ય તાલીમ શીબીર અને (૪):- સંગીત તાલીમ શીબીરનું આયોજન કરવાનું વિચારવામાં આવ્યું છે. આ તાલીમ શિબિરમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ કોલેજના વિધાર્થી પ્રતિનિધિઓ ભાગ લઇ શકશે. આ તાલીમ શિબિરમાં જોડવા માટે આપની કોલેજના એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીની ને પસંદ કરીને તેમના નામ સહિતની વિગતો અત્રે મોકલવાની રહેશે. તાલીમ શિબિરના નિયમો, આ સાથે પરિશિષ્ટ-૧ થી સામેલ છે તે વંચાણે લેવા અને તેમાં દર્શાવેલ નિયમો અનુસાર આપની કોલેજના બે પ્રતિનિધિને સદરહુ તાલીમ શિબિરમાં ભાગ લેવા માટે મોકલવા આથી અનુરોધ કરવામાં આવે છે.

આ તાલીમ શિબિરમાં આપ જે બે પ્રતિનિધિ પસંદ કરો તેની વિગતો આ સાથે પરિશિષ્ટ-૨ થી સામેલ નિયત પ્રવેશપત્રમાં ભરીને, તેમાં આચાર્યશ્રીના સહી-સિક્કા કરી, આપના જવાબીપત્ર સાથે જોડીને અત્રે તારીખ ૩૧/૦૭/૨૦૨૫ સુધીમાં પત્ર દ્વારા તેમજ ઈ-મેઈલ એડ્રેસ- sports@gtu.edu.in પર મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

આ તાલીમ શિબિર અંગે કોઈ મૂંઝવણ હોય કે માર્ગદર્શનની જરૂર હોય તો ફોન નંબર: ૦૭૯-૨૩૨૬૭૬૩૨ તેમજ sports@gtu.edu.in પર સંપર્ક કરી શકશો.

ઉક્ત બાબતે સત્વરે કાર્યવાહી કરી અત્રે બે વિદ્યાર્થી પ્રતિનિધિના નામ મોકલી આપશો જેથી કરીને સૂચિત શિબિરનું આયોજન કરવામાં સરળતા રહે.

બીડાણ: ઉપર મુજબ

૧૧/૭/૨૫

કુલસચિવ

પ્રતિ,

(૧) આચાર્યશ્રી / ડાયરેક્ટરશ્રી જી.ટી.યુ. સંલગ્ન તમામ સંસ્થાઓ

(૨) પી.એ / પી.એસ. ટુ માનનીય કુલપતિશ્રી

(૩) પી.એ ટુ માનનીય કુલસચિવ

# પરિશિષ્ટ - ૧

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા (૧):- વ્યક્તિત્વ વિકાસ તાલીમ શીબીર, (૨):- નાટ્ય તાલીમ શીબીર, (૩):- લોકનૃત્ય તાલીમ શીબીર અને (૪):- સંગીત તાલીમ શીબીરનું

નિયમો:

(૧):- આ તાલીમ શિબિર ગુજરાતના કોઈ સૌંદર્યમય અને પ્રાકૃતિક સ્થળે યોજાશે.

(૨):- નાટ્ય, નૃત્ય અને સંગીતની તાલીમ શિબિર ૦૭ દિવસ માટે અને વ્યક્તિત્વ વિકાસ શિબિર ૦૪ દિવસ માટે યોજાશે.

(૩):- આ તાલીમ શિબિર સંભવતઃ ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૫ ના ગાળા દરમિયાન અનુકુળતા અનુસાર ઉક્ત દર્શાવેલ દિવસો માટે યોજાશે.

(૪):- આ શિબિરમાં તમામ દિવસ હાજર રહી તાલીમ લેવી ફરજીયાત રહેશે.

(૫):- દરેક કોલેજ પોતાના પ્રતિનિધિ તરીકે માત્ર બે જ વિદ્યાર્થીને મોકલી શકશે. જેમાં એક વિદ્યાથી ભાઈ એક વિદ્યાર્થી બહેન રહેશે. સંસ્થામાં જો માત્ર બહેનો જ અભ્યાસ કરતી હોય તો એક બહેનનું નામ અને માત્ર ભાઈઓ અભ્યાસ કરતા હોય તો માત્ર એક ભાઈનું નામ જ મોકલવાનું રહેશે.

(૬):- શિબિરમાં ભાગ લેવા આવનાર વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને તેમની કોલેજના સ્થળથી શિબિરના સ્થળ સુધી આવવા-જવાનું એસ.ટી. બસનું ભાડું કે રેલ્વે સ્લીપર કોચના ભાડાની મર્યાદામાં આવતું પ્રવાસ ભાડું ચુકવવામાં આવશે.

(૭):- તાલીમાર્થીઓને તમામ દિવસની તાલીમ, ભોજન તથા નિવાસની વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે.

(૮):- આ તાલીમ શિબિરનો સમય સવારના ૦૮:૦૦ થી બપોરના ૦૧:૦૦ તથા સાંજના ૦૪:૦૦ થી ૦૮:૦૦ દરમિયાનનો રહેશે.

(૯):- આ તાલીમ શિબિરમાં ભાગ લેનાર તાલીમાર્થીને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૧૦):- આ શિબિરના આયોજનની તમામ જાણકારી સંસ્થાને કરવામાં આવશે. પસંદ થયેલા શીબીરાર્થીને જાણ કરવાની જવાબદારી સંસ્થાની રહેશે.

(૧૧):- આ તાલીમ શિબિર વ્યક્તિત્વ અને સાંસ્કૃતિક વિકાસનો મહિમા કરતી શિબિર છે. તેથી આ પ્રકારની પ્રવૃતિમાં રસ ધરાવતા ભાઈ-બહેનોની પસંદગી કરવા ખાસ અનુરોધ છે.

(૧૨):- એક વિધાર્થી એક જ શિબિરમાં ભાગ લઈ શકશે. તેથી એક વિધાર્થી એક જ શિબિરની પસંદગી કરી શકશે.

(૧૩):- આ પરિપત્ર માત્ર નામાંકન મંગાવવા માટે છે. શિબિરના આયોજનની વિગતો પસંદગી પામેલાને અલગથી મોકલવામાં આવશે.

(૧૪):- આ શિબિરનું પ્રવેશપત્ર પરિપત્રમાં દર્શાવેલ તારીખ સુધીમાં યુનિવર્સિટીને મળી જવું અનિવાર્ય ગણાશે.સમય મર્યાદા બાદ આવેલ પ્રવેશપત્ર સ્વીકારાશે નહિ.

(૧૫):- પસંદગી પામેલા શીબીરાર્થીએ તાલીમમાં જોડાવા આવતી વખતે શારીરિક સજ્જતાનું પ્રમાણપત્ર, કોવીડ-૧૯ ની બે વેક્સીન લીધાનું પ્રમાણપત્ર તથા કોલેજનું આઈ-કાર્ડ પોતાની સાથે રાખવાનું રહેશે.

(૧૬):- ઉક્ત તમામ નિયમોનું પાલન સંસ્થાએ અને શીબીરાર્થીએ ચુસ્ત રીતે કરવાનું રહેશે.

(૧૭):- આ શિબિરનો લાભ લીધેલ છે. તે વિધાર્થીઓ બીજીવાર લાભ લઇ શકશે નહિ .તેની નોંધ લેવી.

# પરિશિષ્ટ - ૨

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા યોજાનાર વ્યક્તિત્વ વિકાસ તાલીમ શિબિર, નાટ્ય તાલીમ શિબિર, લોકનૃત્ય તાલીમ શિબિર અને સંગીત તાલીમ શિબિરમાં ભાગ લેવા આવનાર વિદ્યાર્થી પ્રતિનિધિની વિગતો:

(૧):- સંસ્થાનું નામ અને સરનામું: ____________________

____________________

____________________

(૨):- તાલીમાર્થીનું નામ અને સરનામું: ____________________

____________________

____________________

(૩):- તાલીમાર્થીને સહભાગી થનાર શિબિરનું નામ: ____________________

____________________

____________________

(૪):- તાલીમાર્થીએ વ્યક્તિત્વ વિકાસ, નાટ્ય કે નૃત્ય ની કોઈ તાલીમ લીધી હોય તો તેની વિગત:

____________________

____________________

(૫):- તાલીમાર્થીએ એન.એસ.એસ.ની કોઈ તાલીમ લીધી હોય તો તેની વિગત: ____________________

____________________

(૬):- તાલીમાર્થીએ કોઈ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ભાગ લીધો હોય કે તાલીમ લીધી હોય તો તેની વિગત:

____________________

(૭):- વિધાર્થીએ કોઈ ક્ષેત્રમાં વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરી હોયતો તેની વિગત: ____________________

____________________

(૮):- તાલીમાર્થીનો મોબાઈલ નંબર: ____________________

(૯):- તાલીમાર્થીનું ઈ-મેઈલ એડ્રેસ: ____________________

(૧૦):-તાલીમાર્થીના અભ્યાસનું વર્ષ: ____________________

(૧૧):- તાલીમાર્થીના અભ્યાસનો વિષય: ____________________

આચાર્યની સહી: ____________________

આચાર્યનું નામ: ____________________

આચાર્યનો સિક્કો: ____________________

નોંધ:- ઉપરોક્ત માહિતી ફરજીયાત પણે ભરવાની રહેશે.